૫૨૪૮ 4333 ૧૫

॥ ॐ ॥

॥ श्री ॥

उपनिषदर्थप्रकाशिव

મૂળમંત્ર સહિત.

અંક ૨ જો.

अथ श्री केनोपनिषत्

પદ, અન્વય અને અર્થ સહિત.

લખનાર એક જિજ્ઞાસુ

અધિકારી જનોને વિના મૂલ્યે આ
છપાવી પ્રકટ કરનાર.
ગોવિંદજી વિ. ડાહ્યાભાઈ લાખાણી

ગ્રંથસ્વામિત્વ લખનારે નોંધાવ્યું છે

तदात्मनि निरते य उपनिषत्सु
मयि सन्तु ते मयि सन्तु.
ॐ शांतिः शांतिः शांति

(પૃષ્ઠ ૧ લું

અમદાવાદ—"ગુજરાત ગેઝેટ પ્રેસ

સંવત ૧૯૫૦ સને ૧૮૯૪.

૫૧૪૮

ॐ तत्सत्

श्री केनोपनिषत्

आप्यायन्तु ममांगानि वाक्प्राणश्चक्षुः श्रोत्रमथोबलमिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मोपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्त्वनिराकरणं मेऽस्तु तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ते मयि संतु ॥

॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ।

મારાં અંગો તૃપ્ત કરો. વાણી, પ્રાણ, ચક્ષુ અને બળ (સર્વ શક્તિ) તથા બાકીની બધી ઇંદ્રિયો અને સર્વ (જગત) તૃપ્ત કરો. હું બ્રહ્મવિદ્યાનો અને બ્રહ્મનો અનાદર ન કરૂં, અને બ્રહ્મ મારો અનાદર ન કરો. મારો સ્વીકાર થાઓ. તે આત્મામાં નિમગ્ન થએલા મારે વિષે ઉપનિષદ્‌માં જે ધર્મો કહેલા છે તેઓ હો. મારે વિષે તેઓ હો (કાયમ થાઓ).

ॐ शान्तिः शान्तिः शान्तिः

ॐ केनेषितं पतति प्रेषितं मनः । केन प्राणः प्रथमः

प्रैति युक्तः । केनेषितां वाचमिमां वदन्ति चक्षुः श्रोत्रं क उ देवो युनक्ति १

પદાર્થઃ—**केन**[1] (કેણે) **इषितं**[2] (ઇચ્છેલું) **पतति**[5] [પોતાના વિષય તરફ] (જાય છે) **प्रेषितं**[3] (મોકલેલું) **मनः**[4] (મન) **केन**[6] (કેણે) **प्राणः**[9] (પ્રાણ) **प्रथमः**[8] (મુખ્ય) **प्रैति**[10] [પોતાના વિષય તરફ](જાય છે) **युक्तः**[7] (જોડેલો) **केन**[11] **इषितां**[12] (કેણે ઇચ્છેલી) **वाचं**[14] (વાણીને) **इमां**[13] (આ) **वदन्ति**[15] [લોકો] (બોલે છે) **चक्षुः**[16] (આંખને) [અને] **श्रोत्रं**[17] (કાનને) **कः**[18] (કયો) **उ** (પાદપૂર્ણ) **देवः**[19] (દેવ) **युनक्ति**[20] (જોડે છે—પ્રેરે છે).

અન્વયાર્થ—કેણે[1] ઇચ્છેલું[2] [અને] મોકલેલું[3] મન[4] [પોતાના સંકલ્પાદિ વિષય તરફ] જાય[5] છે, કેણે[6] જોડેલો[7] મુખ્ય[8] પ્રાણ[9] [પોતાનાં શ્વાસોચ્છવાસાદિ કર્મમાં] જાય[10] છે, કેણે[11] ઇચ્છેલી[12] આ[13] વાણીને[14] [લોકો] બોલે[15] છે, ચક્ષુ[16] [અને] કાનને[17] કયો[18] દેવ[19] [પોત પોતાના વિષયમાં] પ્રેરે[20] છે? ૧

श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद्वाचो ह वाचं स उ

**प्राणस्य प्राणश्चक्षुषश्चक्षुरतिमुच्य धीराः प्रेत्यास्माल्लोका-
दमृता भवन्ति २**

પદાર્થઃ—**श्रोत्रस्य**[2] **श्रोत्रं**[3] (કાનનો કાન) **मनसः**[4] **मनः**[5] (મનનું મન) **यत्**[1] (જે) **वाचः**[6] (વાણીની) **ह** (પાદપૂર્ણાર્થ) **वाचं**[7] (વાણી) **स**[10] **उ**[11] (તેજ) **प्राणस्य**[8] **प्राणः**[9] (પ્રાણનો પ્રાણ) **चक्षुषः**[12] **चक्षुः**[13] (ચક્ષુનું ચક્ષુ) **अतिमुच्य**[14] (છોડીને) **धीराः**[15] (વિવેકી પુરૂષો) **प्रेत्य**[18] (મૂકાઈ–જઈને) **अस्मात्**[16] **लोकात्**[17] (આ લોકથી –આ શરીરથી) **अमृता**[19] (અમર) **भवन्ति**[20] (થાય છે) २

અન્વયાર્થઃ—જે[1] શ્રોત્રનો[2] શ્રોત્ર[3], મનનું[4] મન[5], વાણીની[6] વાણી[7], પ્રાણનો[8] પ્રાણ[9] [અને] તે[10] જ[11] ચક્ષુનું[12] ચક્ષુ[13] [છે]. [એમ જાણી તે શ્રોત્રાદિકોમાંના આત્મભાવને] છોડીને[14] [જે વર્તેછે તે] વિવેકી પુરૂષો[15] આ લોકથી[16]—શરીરથી[17] [મૂકાઇ] જઈને[18] અમર[19] થાય[20] છે. ૨

**न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति नो मनो न विद्मो
न विजानीमो यथैतदनुशिष्यादन्यदवे तद्विदितादथो अ-
विदितादधि । इति शुश्रुम पूर्वेषां येनस्तद्व्याचचक्षिरे ३**

પદાર્થઃ—**न**[3]**गच्छति**[4] (નથી જતું) **तत्र**[1] (ત્યાં તે બ્રહ્મમાં)

[2]चक्षुः (ચક્ષુ–આંખ) [6]न [7]गच्छति (નથી જતુ) [5]वाक् (વાણી) [9]नो (નહિ) [8]मनः (મન) [10]न [11]विद्मः (નથી જાણતા) [17]न [16]विजानीमः (જાણી શકતા નથી) [12]यथा (જે પ્રકારે) [13]एतत् (એ–બ્રહ્મ) [14]अनुशिष्यात् (ઉપદેશ કરી શકાય) [19]अन्यत् (જૂદું) [20]एव (જ) [15]तत् (તે) [18]विदितात् (જાણેલાથી) [22]अथो (પણ) [21]अविदितात् (નહિ જાણેલાથી) [23]अधि (જૂદું) [24]इति (એ પ્રકારે) [26]शुश्रुम (સાંભળતા હવા) [25]पूर्वेषां (પૂર્વના) [27]ये (જેઓ) [28]नः (અમને) [29]तत् (તે–બ્રહ્મને) [30]व्याचचक्षिरे (વ્યાખ્યાન કરીને કહેતા હવા) ३

અન્વયાર્થઃ—તે [1]બ્રહ્મમાં [2]ચક્ષુ [3]નથી [4]જતું, [5]વાણી [6]નથી [7]જતી [અને] [8]મન [પણ] [9]નહિ—નથી જતું. [તેને અમે] [10]નથી [11]જાણતાઃ [12]જે [13]પ્રકારે એ બ્રહ્મ [નો] ઉપદેશ કરી [15]શકાય તે [અમે] જાણી [16]શકતા [17]નથી. [તે બ્રહ્મ] જાણેલાથી [18]જૂદું [20]જ [છે અને] નહિ [21]જાણેલાથી [22]પણ [23]જૂદું [છે], [24]એ [25]પ્રકારે પૂર્વના [આચાર્યો પાસેથી અમે] સાંભળતા [26]હવા [કે] [27]જેઓ [28]અમને

તે બ્રહ્મ [સબંધી] [૨૯]ને વ્યાખ્યાન કરીને કહેતા [૩૦]હવા. ૩

यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते । तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते. ४

પદાર્થઃ—[૧]**यत्** (જે) [૨]**वाचा** (વાણીવડે) [૩]**अनभ्युदितं** (પ્રકાશ પામતું નથી) [૪]**येन** (જેવડે) [૫]**वाक्** (વાણી) [૬]**अभ्युद्यते** (પ્રકાશિત થાય છે) [૭]**तत्** (તેને) [૮]**एव** (જ) [૧૦]**ब्रह्म** (બ્રહ્મ) [૯]**त्वं** (તુ) [૧૧]**विद्धि** (જાણ) [૧૬]**न** (નહિ) [૧૫]**इदं** (આ) [૧૨]**यत्** (જે) [૧૩]**इदं** (આને) [૧૪]**उपासते** (ઉપાસેછે.) ४

અન્વયાર્થઃ—[૧]જે [૨]વાણીવડે પ્રકાશ પામતું [૩]નથી [પણ] જે [૪]વડે [૫]વાણી પ્રકાશિત [૬]થાય છે [૭]તેને [૮]જ [૯]તું [૧૦]બ્રહ્મ [૧૧]જાણ. [૧૨]જે [૧૩]આને [લોકો] [૧૪]ઉપાસે છે [તે] [૧૫]એ [બ્રહ્મ] નહિ ૪

यन्मनसा न मनुते येनाहुर्मनो मतं । तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ५

પદાર્થઃ—[૧]**यत्** (જેને [૨]**मनसा** (મનવડે) [૪]**न** [૩]**मनुते** (વિચારી શકતું નથી) [૫]**येन** (જે વડે) [૮]**आहुः** (કહે છે) [૬]**मनः** (મન) [૭]**मतं**(વ્યાપેલું-પોતાના વિષયમાં જોડાએલું) ઇ૦ ૫.

અન્વયાર્થઃ—જેને [માણસ] મનવડે વિચારી શકતુ નથી, [પણ] જેવડે મન પોતાના વિષયમાં જોડાએલું [છે, એમ વિદ્વાનો] કહે છે તેને જ બ્ર૦ ૫.

यच्चक्षुषा न पश्यति येन चक्षूꣳषि पश्यति ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ६

પદાર્થઃ—**यत्** (જેને) **चक्षुषा** (આંખવડે) **न पश्यति** (જોતુ નથી) **येन** (જે વડે) **चक्षूंषि** (આંખો) **पश्यति** (જુએ છે) **तत् एव** (તેનેજ) બ્ર. ૬.

અન્વયાર્થઃ—જેને [માણસ] આંખોવડે જોઇ શકતું નથી [પણ] જેવડે આંખો જુએ છે તેને જ બ્ર. ૬.

यच्छ्रोत्रेण न शृणोति येन श्रोत्रमिदꣳ श्रुतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ७

પદાર્થઃ—**यत्** (જેને) **श्रोत्रेण** (કાનવડે) **न शृणोति** (સાંભળતુ નથી) **येन** (જે વડે) **श्रोत्रं** (કાન) **इदं** (આ) **श्रुतम्** [સાંભળેલો—સાંભળવાની શક્તિમાં લાયક થએલો) **तत् एव** તેને જ બ્ર. ૭.

૫૭૪૮

અન્વયાર્થ:—જેને [માણુસ] કાનવડે સાંભળી શકતુ નથી [પણ] જે વડે આ કાન પોતાની સાંભળવાની શક્તિમાં લાયક થએલો [છે] તેને જ ઈ. ૭.

यत्प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ८

પદાર્થ:—**यत्** (જેને) **प्राणेन** (શ્વાસોચ્છવાસની ક્રિયાવડે અથવા પંચ પ્રવૃત્તિરૂપ પ્રાણવડે) **न प्राणिति** (ગંધની માફક સુંઘાતુ નથી અથવા પંચ પ્રવૃત્તિરૂપ પ્રાણચેષ્ટા કરતું નથી) **येन** (જે વડે) **प्राणः** (શ્વાસોચ્છવાસની ક્રિયા વગેરે) **प्रणीयते** (કરાય છે) **त** **एव** (તેને જ) ઈ. ૮.

અન્વયાર્થ:—જેને [માણુસ,] શ્વાસોચ્છવાસની ક્રિયાવડે અથવા પંચ પ્રવૃત્તિરૂપ પ્રાણવડે ગંધની માફક સુંઘતુ અથવા પંચ પ્રવૃતિરૂપ પ્રાણચેષ્ટા કરતુ નથી [પણ] જેવડે શ્વાસોચ્છવાસની ક્રિયા વગેરે કરાય છે તેને જ ઈ. ૮.

इति प्रथमः खंडः

यदि मन्यसे सुवेदेति [1]दहरमेवापि नूनम् । त्वं वेत्थ ब्रह्मणो रूपं यदस्य त्वं यदस्य देवेष्वथ नु मीमाꣳस्यमेव ते मन्ये विदितम् ९–१

પદાર્થ:—**यदि**[1] (જો) **मन्यसे**[5] (માનતો હો) **सुवेद**[3] (સારી રીતે જાણું છું) **इति**[4] (એમ) **दहरम्**[7] **एव**[8] (થોડું જ) **अपि** (પાદપૂર્ણાર્થે) **नूनम्**[6] (ખરેખર) **त्वं**[2] (તુ) **वेत्थ**[11] (જાણે છે) **ब्रह्मणः**[9] (બ્રહ્મનું) **रूपं**[10] (રૂપ) **यत्**[13] (જે) **अस्य**[12] (આનું) **त्वं**[17] (તુ) **यत्**[15] (જે) **अस्य**[14] (આનું) **देवेषु**[16] (દેવોમાં) **अथ**[18] (હવે) **नु** (પાદપૂર્ણ) **मीमांस्यं**[20] (વિચારવા યોગ્ય) **एव**[21] (જ) **ते**[19] (તારે માટે–તારે) **मन्ये**[23] (માનું છું) **विदितम्**[22] (જાણ્યું.) १

અન્વયાર્થ:—જો[1] તું[2] (હું) [બ્રહ્મને] સારી રીતે જાણું[3] છું એમ[4] માનતો[5] હો [તો] ખરેખર[6] [તુ ઘણું] થોડું[7] જ[8] બ્રહ્મનું[9] રૂપ[10] જાણેછે[11]. આ[12] [બ્રહ્મ]નું જે[13] [રૂપ છે, તેનો આગળ નિશ્ચય થશે]. આ[14] [બ્રહ્મ]નું જે[15] [રૂપ] દેવોમાં[16] તુ[17] [જાણે છે તે પણ અવશ્ય અલ્પજ જાણેછે].

---

१ **देभ्रम** એવો પણ પાઠ છે.

હવે [પણ] તારે [બ્રહ્મનું રૂપ] વિચારવા યોગ્ય જ [છે. શિષ્યે કહ્યું; મેં બ્રહ્મ] જાણ્યું [એમ (હું) માનું છું. ૧

नाहं मन्ये सुवेदेति नो न वेदेति वेद च ।
यो नस्तद्वेद तद्वेद नो न वेदेति वेद च १०-२

પદાર્થઃ—**न** (નથી) **अहं** (હું) **मन्ये** (માનતો) **सुवेद** (સારી રીતે જાણું છું) **इति** (એમ) **नो** (નહિ) **न वेद** (નથી જાણતો) **इति** (એમ) **वेद** (જાણું છું) **च** (અને) [નથી જાણતો]. **यः** (જે) **नः** (અમારામાંનો) **तत्** (તે વાક્યને) **वेद** (જાણે છે–બરાબર રહસ્ય પૂર્વક સમજે છે) **तत्** (તે બ્રહ્મને) **वेद** (જાણે છે) **नो न वेद इति वेद च** (જાણું છું એમ નહિ અને નથી જાણતો એમ નહિ.) ૨

અન્વયાર્થઃ—હું [બ્રહ્મને] સારી રીતે જાણું છું એમ નથી માનતો, [તેમજ] નથી જાણતો એમ [પણ] નહિ. [મતલબ કે] (હું) [બ્રહ્મને] જાણું છું અને [નથી જાણતો, એટલુંજ નહિ પણ] અમારામાંનો જે [હું બ્રહ્મને] "જાણું છું એમ નહિ અને નથી જાણતો એમ નહિ" તે વાક્યને જાણે છે [તેજ] તે બ્રહ્મને જાણે છે.

यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः ।
अविज्ञातं विजानतां विज्ञातमविजानताम् ११--३

પદાર્થઃ—[1]**यस्य** (જેનું) [2]**अमतं** (નહિ જાણેલું) [3]**तस्य** (તેનું) [4]**मतं** (જાણેલું) [6]**मतं** (જાણેલું) [5]**यस्य** (જેનું) [8]**न** [9]**वेद** (નથી જાણ-તો) [7]**सः** (તે) [11]**अविज्ञातं** (નહિ જાણેલું) [10]**विजानतां** (જાણનારાઓ-નું) [13]**विज्ञातं** (જાણેલું) [12]**अविजानतां** (નહિ જાણનારાઓનું) ૩.

અન્વયાર્થઃ— [1]જેણે (બ્રહ્મને) [2]જાણેલું નથી [3]તેણે [4]જાણેલું [છે,] અને [5]જેણે [6]જાણેલું [છે] તે [તેને—બ્રહ્મને] [8]નથી [9]જાણતો; (કેમકે તે બ્રહ્મ) [10]જાણનારાઓને નહિ [11]જણાએલું (અને) [12]નહિ જાણનારાઓને [13]જણાએલું (છે) ૩

प्रतिबोधविदितं मतममृतत्वं हि विन्दते । आत्मना वि-न्दते वीर्यं विद्यया विन्दतेऽमृतम् १२–४

પદાર્થઃ—[1]**प्रतिबोधविदितं** (બોધ બોધ પ્રત્યે જણાતુ) [2]**मतं** (માનેલું) [છે] [4]**अमृतत्वं** (અમરપણું) [3]**हि** (ખ-રેખર) [5]**विंदते** (મેળવે છે) [6]**आत्मना** (પોતાના સ્વરૂપવડે)

विंदते (મેળવે છે) वीर्यं (સામર્થ્યને) विद्यया (બ્રહ્મજ્ઞાનવડે) विंदते (મેળવે છે) अमृतं (અમરપણું) ૪

અન્વયાર્થઃ—[બ્રહ્મ] બોધ બોધ પ્રત્યે જણાતું [છે એમ જેણે] માનેલું [છે તેજ] ખરેખર અમરપણું મેળવે છે, [કેમકે] પોતાના સ્વરૂપવડે [માણસ] સામર્થ્ય મેળવે છે; [અને] બ્રહ્મજ્ઞાનવડે અમરપણું મેળવે છે.

इह चेदवेदीदथ सत्यमस्ति न चेदिहावेदीन्महतीविनष्टिः। भूतेषु भूतेषु विचित्य धीराः प्रेत्यास्माल्लोकादमृता भवन्ति १३—५

પદાર્થઃ—**इह** અહીંઆં–આ મનુષ્ય શરીરમાં) **चेत्** (જો) **अवेदीत्** (જાણ્યું હોય) **अथ** (તો) **सत्यम्** (સારૂં) **अस्ति** (છે) **न** (નહિ) **चेत्** (જો) **इह** (અહીંઆં–મનુષ્ય શરીરમાં) **अवेदीत्** (જાણ્યું) **महती** (ભારે) **विनष्टिः** (હાનિ) **भूतेषु भूतेषु** (સર્વ ભૂતોમાં) **विचित्य** (જાણીને–વિચારીને) **धीराः** (વિવેકી પુરૂષો) **प्रेत्य** (જઇને) **अस्मात् लोकात्** (આ લોકથી) **अमृताः** (અમર) **भवन्ति** (થાયછે).૫

અન્વયાર્થઃ—જો[1] આ મનુષ્ય[2] શરીરમાં [બ્રહ્મને] જાણ્યું[3] હોય તો[4] સારૂં[5] છે,[6] [પણ] જો[7] અહીંઆં[8] ન[9] જાણ્યું[10] [તો] ભારે[11] હાનિ[12] [છે; એટલા માટે] વિવેકી[13] પુરૂષો [તેને] સર્વ[14] ભૂતોમાં વિચારીને[15] આ[16] લોકથી[17] જઇ[18] અમર[19] થાય[20] છે. ૫

इति द्वितीयः खंडः

ब्रह्म ह देवेभ्यो विजिग्ये तस्य ह ब्रह्मणो विजये देवा अमहीयन्त । त ऐक्षन्तास्माकमेवायं विजयोऽस्माकमेवायं महिमेति १४–१

પદાર્થઃ—**ब्रह्म**[2] (બ્રહ્મ) **ह**[1] (ખરેખર) **देवेभ्यो**[3] (દેવોને માટે) **विजिग्ये**[4] (વિજય આપતું હતું) **तस्य**[6] **ब्रह्मणः**[7] (તે બ્રહ્મનો) **ह**[5] (ખરેખર) **विजये**[8] (વિજય થયે સતે) **देवाः**[9] (દેવો) **अमहीयन्त**[10] (મહિમા પામ્યા) **ते**[11] (તેઓ–તેઓએ) **ऐक्षन्त**[21] (જોતા હવા–જોયું) **अस्माकं**[13] (અમારો) **एव**[14] (જ) **अयं**[12] (આ) **विजयः**[15] (વિજય) **अस्माकम् एव**[17] [18] (અમારો જ) **अयं**[16] (આ) **महिमा**[19] (મહિમા) **इति**[20] (એમ). ૧.

અન્વયાર્થ:—ખરેખર[1] બ્રહ્મ[2] દેવોને[3] માટે વિજય આપતુ[4] હતું. ખરેખર[5] તે[6] બ્રહ્મનો[7] વિજય થયે સતે[8] દેવો[9] મહિમા પામ્યા[10] [પણ] તેઓએ,[11] આ[12] અમારો[13] જ[14] વિજય[15] [અને] આ[16] અમારો[17] જ[18] મહિમા[19] [છે] એમ[20] જોયું[21]. ૧

तद्धैषां विजज्ञौ तेभ्यो ह प्रादुर्बभूव तन्न व्यजानत किमिदं यक्षमिति १५–२

પદાર્થ:— **तत्**[2] (તે મિથ્યાભિમાન) **ह**[5] (ખરેખર) **एषां**[1] (એઓનું) **विजज्ञौ**[3] (જાણ્યું) **तेभ्यो**[4] (તે દેવોને માટે) **ह** (પાદ પૂર્ણાર્થ) **प्रादुर्बभूव**[6] (પ્રકટ થયું) **तत्**[7] (તે પ્રકટ થએલાને) **न**[13] (ન) **व्यजानत–व्यजानन्त**[12] (જાણ્યું) **किं**[10] (શું) **इदं**[8] (આ) **यक्षम्**[9] (પૂજ્ય) **इति**[11] (એમ) ૨

અન્વયાર્થ:—એ[1] [દેવો]નું તે મિથ્યાભિમાન[2] [બ્રહ્મે] જાણ્યું[3] [ને તેથી] દેવોને[4] માટે ખરેખર[5] [તે] પ્રકટ[6] થયું—દૃષ્ટિગોચર થયું; [પણ] તે[7] આ[8] પૂજવા લાયક[9] શું[10] [છે] એમ[11] (તેઓ) જાણી[12] શક્યા નહિ[13]. ૨

तेऽग्निमब्रुवन् जातवेद एतद्विजानीहि किमेतद्यक्षमिति तथेति १६—३

પદાર્થઃ—**ते**[1] (તેઓ–તેઓએ) **अग्निम्**[2] (અગ્નિને) **अब्रुवन्**[3] (કહ્યું) **जातवेद**[4] (હે જાતવેદ) **एतत्**[5] (આ) **विजानीहि**[10] (જાણ) **किं**[7] (શું) **एतत्**[9] (આને) **यक्षं**[6] (પૂજ્ય) **इति**[8] (એમ) **तथा इति**[11] (ભવતુ.) ૩

અન્વયાર્થઃ—તે—દેવો—એ[1] અગ્નિને[2] કહ્યું[3] [કે] હે જાતવેદ[4] આ[5] પૂજ્ય[6] શું[7] [છે] એમ[8] આને[9] [તું] જાણ[10]. ભવતુ[11]. [હું એ-મ કરૂં છું]. ૩.

तदभ्यद्रवत्तमभ्यवदत् कोऽसीत्यग्निर्वा अहमस्मीत्यब्रवीज्जातवेदा वा अहमस्मीति १७—४

પદાર્થઃ—**तत्**[1] (તે યક્ષ તરફ) **अभ्यद्रवत्**[2] (દોડ્યો) **तं**[3] (તે અ-ગ્નિ પ્રત્યે) **अभ्यवदत्**[7] (બોલ્યું) **कः**[4] (કોણ) **असि**[5] (છું) **इति**[6] (એમ) **अग्निः**[10] (અગ્નિ) **वै**[9] (પ્રસિદ્ધ) **अहम्**[8] (હું) **अस्मि**[11] (છું) **इति**[12] (એમ) **अब्रवीत्**[13] (બોલ્યો) **जातवेदा**[15] (જાતવેદા) **वै**[14] (પ્રસિદ્ધ)

अहम् (હું) **अस्मि** (છું) **इति** (એમ) ૪.

અન્વયાર્થઃ—[અગ્નિ] તે યક્ષ તરફ દોડયો. તે અગ્નિ પ્રત્યે [તું] 'કોણ છે,' એમ [યક્ષ] બોલ્યું. 'હું પ્રસિદ્ધ અગ્નિ છું' એમ [તથા] 'હું પ્રસિદ્ધ જાતવેદા છું' એમ [અગ્નિ] બોલ્યો. ૪.

तस्मिꣳस्त्वयि किं वीर्यमित्यपीदꣳ सर्वं दहेयं यदिदं पृथिव्यामिति १८–५

પદાર્થઃ—**तस्मिन्** (તે) [પ્રસિદ્ધ ગુણુવાળા] **त्वयि** (તારામાં) **किं** (શું) **वीर्यं** (પરાક્રમ) **इति** (એમ) **अपि** (પણુ) **इदं** (આ) **सर्वं** (બધું) **दहेयं** (બાળી નાખું) **यत्** (જે) **इदं** (આને) **पृथिव्यां** (પૃથ્વીમાં) **इति** (એમ) ૫.

અન્વયાર્થઃ—તે [પ્રસિદ્ધ નામવાળા] તારામાં શું પરાક્રમ પણુ [છે એમ] [યક્ષે પૂછ્યું]. "આ સર્વ જે [કાંઇ] પૃથ્વીમાં [છે તે] આને (હું) બાળી નાખું" એમ [અગ્નિએ ઉત્તર આપ્યો.] ૫

तस्मै तृणं निदधावेतद्दहेति तदुपप्रेयाय सर्वजवेन

तत्र शशाक दग्धुं स तत एव निववृते नैतदशकं विज्ञानं यदेतद्यक्षमिति १९-६

પદાર્થઃ—**तस्मै**[1] (તે–અગ્નિની પાસે) **तृणं**[2] (સૂકું તૃણ) **निदधौ**[3] (નાખતું હતું) **एतत्**[4] (આને) **दह**[5] (બાળ) **इति**[6] (એમ) **तत्**[8] (તે તરફ) **उपप्रेयाय**[9] (દોડયો) **सर्वजवेन**[7] (સર્વ પ્રકારના વેગથી) **तत्**[10] (તેને) **न**[13] **शशाक**[12] (શક્તિમાન થયો નહિ) **दग्धुं**[11] (બાળવાને) **सः**[14] (તે) **ततः**[15] (ત્યાંથી) **एव**[16] (જ) **निववृते**[17] (પાછો વળ્યો) **न**[25] (નહિ) **एतत्**[22] (આને) **अशकं**[24] (શક્તિમાન્ થયો) **विज्ञातुं**[23] (વિશેષથી જાણવાને) **यत्**[21] (જે) **एतत्**[19] (આ) **यक्षं**[20] (પૂજ્ય) **इति**[18] (આ પ્રકારે) ૬.

અન્વયાર્થઃ—તે અગ્નિ[1] પાસે [યક્ષ, એક] સૂકું[2] તૃણ નાંખતું[3] હતું [અને] ‘આને[4] બાળ[5]’ એમ[6] [કહેતું હતું. ત્યાર પછી તે અગ્નિ] સર્વ[7] પ્રકારના વેગવડે તે તરફ[8] દોડયો[9] [પણ] તેને[10] બાળવાને[11] શક્તિમાન્[12] થયો નહિ[13]; [જેથી] તે[14] ત્યાંથી[15] જ[16] પાછો વળ્યો[17] [અને દેવની પાસે જઇને] આ[18] પ્રકારે [કહેવા લાગ્યો કે] ‘આ[19] પૂજ્ય[20] [શું

છે એમ જે આને વિશેષથી જાણવાને [હું] શક્તિમાન્ થયો નહિ. ૬.

अथ वायुमब्रुवन्वायवेतद्विजानीहि किमेतद्यक्षमिति तथेति २०—७

પદાર્થ:— **अथ** (હવે પછી) **वायुं** (વાયુ પ્રત્યે) **अब्रुवन्** (બોલ્યા) **वायो** (હે વાયુ) **एतत्** (આ) **विजानीहि** (વિશેષથી જાણ) **किं** (શું) **एतत्** (આ) **यक्षं** (યક્ષને) **इति** (એમ) **तथा इति** (તથાસ્તુ)

અન્વયાર્થ:- હવે પછી [દેવો] વાયુ પ્રત્યે બોલ્યા [કે] હે વાયો આ પૂજ્ય, 'આ શું [છે] એમ વિશેષથી જાણ' [વાયુએ કહ્યું કે] 'તથાસ્તુ.' ૭.

तदभ्यद्रवत्तमभ्यवदत्कोऽसीति वायुर्वा अहमस्मीत्यब्रवीन्मातरिश्वा वा अहमस्मीति २१—८

પદાર્થ:— **तत्** (તે યક્ષ તરફ) **अभ्यद्रवत्** (દોડયો) **तं** (તે વાયુપ્રત્યે) **अभ्यवदत्** (બોલ્યું) **कः** (કોણ) **असि** (છું) **इति** (એમ) **वायुः** (વાયુ) **वै** (પ્રસિદ્ધ) **अहम्** (હું) **अस्मि** (છું) **इति** (એમ) **अब्रवीत्** (બોલ્યો) **मातरिश्वा** (આકા-

શમાં ગતિ કરનાર) [14]वै (પ્રસિદ્ધ) [13]अहम् (હું) [16]अस्मि (છું) [17]इति (એમ).

અન્વયાર્થ:—[વાયુ] તે [1]યક્ષ તરફ [2]દોડ્યો. તે [3]વાયુ પ્રત્યે '[4][તું] [5]કોણ [6]છે' એમ [યક્ષ] [7]બોલ્યું. '[8]હું [9]પ્રસિદ્ધ [10]વાયુ [11]છું' [12]એમ [તથા] '[13]હું [14]પ્રસિદ્ધ [15]માતરિશ્વા [16]છું' [17]એમ [વાયુ] [18]બોલ્યો. ૮

तस्मिꣳस्त्वयि किं वीर्यमित्यपीदꣳ सर्वमाददीयं यदिदं पृथिव्यामिति २२ —९

પદાર્થ:—[1]**तस्मिन्** (તે) [પ્રસિદ્ધ નામ વાળા] [2]**त्वयि** (તારામાં) [3]**किं** (શું) [4]**वीर्यं** (પરાક્રમ) [6]**इति** (એમ) [5]**अपि** (પણ) [7]**इदं** (આ) [8]**सर्वं** (બધું) [12]**आददीयं** (ધારણ કરૂં છું) [9]**यत्** (જે) [11]**इदं** (આ) [10]**पृथिव्यां** (પૃથ્વીમાં) [13]**इति** (એમ). ૯

અન્વયાર્થ:—[1]તે [પ્રસિદ્ધ નામ વાળા] '[2]તારામાં [3]શું [4]પરાક્રમ [5]પણ [[6]છે]' એમ [યક્ષે પુછ્યું]. "[7]આ [8]સર્વ [9]જે [કાંઇ] [10]પૃથ્વીમાં [છે તે] [11]આને [હું] [12]ધારણ કરૂં [છું]" [13]એમ [વાયુએ ઉત્તર આપ્યો]. ૯

तस्मै तृणं निदधावेतदादत्स्वेति तदुपप्रेयाय सर्वजवेन तन्न शशाकादातुं स तत एव निववृते नैतदशकं विज्ञातुं यदे-तद्यक्षमिति २३—१०

પદાર્થઃ—[1]**तस्मै** (તે વાયુ પાસે) [2]**तृणं** (સૂકું તૃણ) [3]**निदधौ** (નાખતુ હતું) [4]**एतत्** (આને) [5]**आदत्स्व** (ધારણ કર) [6]**इति** (એમ) [8]**तत्** (તે તરફ) [9]**उपप्रेयाय** (દોડ્યો) [7]**सर्वजवेन** (સર્વ પ્રકારના વેગથી) [10]**तत्** (તેને) [13]**न शशाक** (શક્તિમાન્ થયો નહિ) [11]**आदातुं** (ધારણ કરવાને) [14]**सः** (તે) [15]**ततः** (ત્યાંથી, [16]**एव** (જ) [17]**निववृते** (પાછો વળ્યો) [25]**न** (નહિ) [22]**एतत** (આને) [24]**अशकं** (શક્તિમાન્ થયો) [23]**विज्ञातुं** (વિશેષથી જાણવાને) [21]**यत्** (જે) [19]**एतत्** (આ) [20]**यक्षं** (પૂજ્ય) [18]**इति** (આ પ્રકારે). १०

અન્વયાર્થઃ—તે વાયું [1]પાસે (યક્ષ, એક) [2]સૂકું તૃણ [3]નાંખતું હતું (અને) [4]આને '[5]ધારણ કર' [6]એમ [કહેતુ હતું. ત્યાર પછી તે વાયુ] [7]સર્વ પ્રકારના વેગવડે તે [8]તરફ [9]દોડ્યો [પણ] [10]તેને ધારણ [11]કરવાને [12]શક્તિમાન્ [13]થયો [14]નહિ. [15]તે ત્યાંથી [16]જ [17]પાછો વાળ્યો [અને દેવની પાસે જઇને] આ [18]પ્રકારે [કહેવા લાગ્યો કે] 'આ [19]પૂજ્ય [20][શું છે

એમ] [૨૧]જે [૨૨]આને વિશેષથી [૨૩]જાણવાને [હું] [૨૪]શક્તિમાન્ થયો
[૨૫]નહિ.' ૧૦

**अथेन्द्रमब्रुवन्मघवन्नेतद्विजानीहि किमेतद्यक्षमिति तथे-
ति तदभ्यद्रवत्तस्मात्तिरोदधे २४—११**

પદાર્થઃ—[૧]**अथ** (હવે પછી) [૨]**इंद्रं** (ઈંદ્ર પ્રત્યે) [૩]**अब्रुवन्** (બોલ્યા) [૪]**मघवन्** [હે ઈંદ્ર] [૭]**एतत्** (આ) [૧૦]**विजानीहि** (વિશે-પથી જાણ) [૮]**किं** (શું) [૫]**एतत्** (આ) [૬]**यक्षं** (યક્ષને) [૯]**इति** (એ-મ) [૧૧]**तथेति** (તથાસ્તુ) [૧૨]**तत्** (તે યક્ષ તરફ) [૧૩]**अभ्यद्रवत्** (દો-ડયો) [૧૪]**तस्मात्** (તે ઈંદ્રથી) [૧૫]**तिरोदधे** (અંતર્ધાન થઈ ગયું). ૧૧

અન્વયાર્થઃ–હવે [૧]પછી (દેવો) [૨]ઈંદ્રપ્રત્યે [૩]બોલ્યા [કે] '[૪]હે ઈંદ્ર [૫]આ! [૬]પૂજ્ય [૭]આ [૮]શું [છે] [૯]એમ [૧૦]વિશેષથી જાણ.' [ઈંદ્રે કહ્યું કે] [૧૧]'તથાસ્તુ.' [એમ કહી ઈંદ્ર] [૧૨]તે યક્ષ તરફ [૧૩]દોડયો, [તો] [૧૪]તેનાથી [ઈંદ્ર આવતાં વારને તે યક્ષ] [૧૫]અંતર્ધાન થઈ ગયું. ૧૧

स तस्मिन्नेवाकाशे स्त्रियमाजगाम बहुशोभमानामुमा ९ हैमवतीं ता ९ होवाच किमेतद्यक्षमिति २५—१२

પદાર્થઃ—[૧]**स** (તે ઈંદ્ર) [૨]**तस्मिन्** [૩]**एव** [૪]**आकाशे** (તેજ આ-

કાશમાં) [૮] **स्त्रियं** (સ્ત્રી પાસે) [૯] **आजगाम** (આવ્યો) [૫] **बहुशोभमानां** (બહુ શોભાવાળી) [૭] **उमां** (પાર્વતી રૂપ) [૬] **हैमवतीं** (હિમરૂપ સર્વદા શીતળ અથવા સુવર્ણના અલંકારથી શોભતી અથવા હિમાચલની પુત્રી ભગવાન્ શંકરની પ્રાણપ્રિયા) [૧૦] **तां** (તેને) [૧૫] **ह** (સ્પષ્ટ) [૧૬] **उवाच** (પૂછ્યું) [૧૩] **किं** (શું) [૧૧] **एतत्** (આ) [૧૨] **यक्षं** (પૂજ્ય) [૧૪] **इति** (એમ). ૧૨

અન્વયાર્થઃ—[૧] તે [૨] ઇંદ્ર [૩] તે [૪] જ આકાશમાં [૫] બહુ શોભાવાળી, હિમરૂપ, સર્વદા શીતળ, [૬] હિમાચલની પુત્રી શંકર ભગવાનનાં પ્રાણપ્રિયા [૭] ઉમા—પાર્વતી રૂપ [૮] સ્ત્રી પાસે [૯] આવ્યો [અને] [૧૦] તેને [તેણે] [૧૧] "આ [૧૨] પૂજ્ય [૧૩] શું [છે]" [૧૪] એમ [૧૫] સ્પષ્ટ [૧૬] પૂછ્યું. ૧૨.

इति तृतीयः खंडः

सा ब्रह्मेति होवाच ब्रह्मणो वा एतद्विजये महीयध्वमिति ततो हैव विदांचकार ब्रह्मेति २६—१

પદાર્થઃ—[૧] **सा** (તે) [બ્રહ્મ વિદ્યા] [૩] **ब्रह्म** (બ્રહ્મ) [૪] **इति** (એમ) [૨] **ह** (સ્પષ્ટ) [૫] **उवाच** (બોલી) [૬] **ब्रह्मणः** (બ્રહ્મનો) [૯] **वै** (નિશ્ચય) [૭] **एतत्** (આ) [૮] **विजये** (વિજય થયે સતે) [૧૦] **महीयध्वं** (મ-

હિમા પામ્યા) [11]इति (એમ) [12]ततः ह एव (તેના વાક્યથીજ) [15]विदांचकार (જાણતો હવો) [13]ब्रह्म (બ્રહ્મ) [14]इति (એમ) ૧.

અન્વયાર્થઃ—[1]'તે [ઉમારૂપ બ્રહ્મવિદ્યા ઈંદ્ર પ્રત્યે આ અંતર્ધાન થઈ ગએલું યક્ષ] [2]ખરેખર [3]બ્રહ્મ [છે]' [4]એમ [5]બોલી. [અને વળી કે] [6]'બ્રહ્મનો [7]આ [8]વિજય થએ સતે [જ તમે] [9]નિશ્ચય [10]મહિમા પામ્યા [છો]' [11]એમ [પણ કહ્યું.] [12]તેના વાક્યથી જ [આ યક્ષ] [13]બ્રહ્મ [હતું] [14]એમ [ઈંદ્ર] [15]જાણતો હવો. ૧.

तस्माद्वा एते देवा अतितरामिवान्यान्देवान्यदग्निर्वायुरिन्द्रस्ते ह्येनन्नेदिष्ठं पस्पृशुस्ते ह्येनत्प्रथमो विदांचकार ब्रह्मेति २७-२

પદાર્થઃ—[1]**तस्मात् वै** (તે માટે જ) [2]**एते देवाः** (એ દેવો) [4]**अतितराम् इव** (શક્તિ ગુણાદિ મહાભાગ્યવાન્ પણાથી જાણે સ્થિતિ પામતા હોય એમ શ્રેષ્ઠ થયા) [3]**अन्यान् देवान्** (બીજા દેવો કરતાં) [5]**यत्** (કારણ કે) [6]**अग्निः** (અગ્નિ) [7]**वायुः** (વાયુ) [8]**इंद्रः** (ઈંદ્ર) [9]**ते** (તેઓ-ત્રણે) **हि** (પાદપૂર્ણાર્થ) [10]**एनत्** (એ) [11]**नेदिष्ठं** (બ્રહ્મ-

ની સમીપ) **पस्पृशुः** (અડકતા–સ્પર્શ કરતા હવા) **ते** (તેઓ) **हि** (નિશ્ચય) **एनत्** (એને) **प्रथमः–प्रथमाः** (મુખ્ય થઇને) **विदांचकार—विदांचक्रुः** (જાણુતા હવા) **ब्रह्म** (બ્રહ્મ) **इति** (એમ) ૨.

અન્વયાર્થઃ— તે માટે જ એ દેવો બીજા દેવો કરતાં શક્તિ ગુણાદિ મહા ભાગ્યવાનપણાથી જાણે સ્થિતિ પામતા હોય એમ શ્રેષ્ઠ થયાઃ કારણ કે અગ્નિ, વાયુ, ઇંદ્ર તે ત્રણે આ બ્રહ્મની સમીપ [જઇને સંવાદાદિકથી] સ્પર્શ કરતા હવા. તેઓ ખરેખર મુખ્ય થઇને એને બ્રહ્મ [છે] એમ જાણુતા હવા. ૨.

तस्माद्वा इंद्रोऽतितरामिवान्यान्देवान्स ह्येनन्नेदिष्ठं पस्पर्श स ह्येनत्प्रथमो विदांचकार ब्रह्मेति २८–३

પદાર્થઃ—**तस्मात् वै** (તે માટે જ) **इंद्रः** (ઇંદ્ર) **अतितरां इव अन्यान् देवान्** (ઉપર પ્રમાણે અર્થ) **सः** (તે) **हि एनत् नेदिष्ठं** (ઉપર પ્રમાણે અર્થ) **पस्पर्श** (અડકતો હવો) **सः** (તે) **हि एनत्** (ઉપર મુજબ) **प्रथमः** (મુખ્ય થઇને) **विदांचकार**

(જાણુતો હવો) ब्रह्म इति (ઉપર પ્રમાણે) ૩.

અન્વયાર્થઃ-તેટલા માટેજ ઈંદ્ર [પણ] બીજા દેવો કરતાં શકિત ગુણાદિ મહાભાગ્યવાનપણાથી જાણે સ્થિતિ પામતો હોય એમ શ્રેષ્ઠ થયો. (કારણ કે) તે આ બ્રહ્મની સમીપ (જઈને ઉમા પ્રસાદથી) અડકતો હવો-જાણુતો હવો. તે ખરેખર મુખ્ય થઈને એનો બ્રહ્મ (છે) એમ જાણુતો હવો. ૩

तस्यैष आदेशो यदेतद्विद्युतो व्यद्युतदा३ इतीन्यमीमिषदा ३ इत्यधिदैवतम् २९-४

પદાર્થઃ--**तस्य** (તે બ્રહ્મનો) **एषः** (આ) **आदेशः** (ઉપમાનો ઉપદેશ) **यत् एतत्** (જે આ) **विद्युतः** (વિજળીનો) **व्यद्युतत् आ** (પ્રકાશ જાણે હોય એમ) **इति** (એ પ્રકારે) **इत्** (પાદપૂર્ણાર્થ અથવા સમુચ્ચયાર્થે) **न्यमीमिषत्** (ઉઘડે અને બંધ થાય છે) **आ** (જેમ) **इति** (એમ) **आधिदैवतम्** (અધિદૈવત રૂપ) ૪

અન્વયાર્થઃ--તે બ્રહ્મનો આ ઉપમાનો ઉપદેશ (છે કે,) જે આ વિજળીનો પ્રકાશ જાણે હોય એમ (છે). એ પ્રકારે (આદેશ છે

એમ જાણવું.) જેમ [ચક્ષુ ઇંદ્રિય નિમેષ કરે છે તેમ બ્રહ્મ જ] ઉઘડે છે અને બંધ થાય છે. એમ અધિદૈવતરૂપ [બ્રહ્મની બીજી ઉપમા છે]. ૪

अथाध्यात्मं यदेतद्गच्छतीव च मनोऽनेन चैतदुपस्मरत्यभीक्ष्णं संकल्पः ३०—५

પદાર્થઃ—**अथ** (હવે) **अध्यात्मं** (અધ્યાત્મ ઉપદેશ) **यत् एतत्** (જે આ અધિદૈવત ઉપદેશવાળું બ્રહ્મ છે તેને) **गच्छति इव** (જાણે પામે છે) **च** (અને) **मनः** (મન) **अनेन** (આ મન-અંતઃકરણ વડે) **च** (અને) **एतत्** (એ બ્રહ્મને) **उपस्मरति** (સંભારે છે) **अभीक्ष्णं** (વારંવાર) **संकल्पः** (સંકલ્પ) ૫.

અન્વયાર્થઃ—હવે અધ્યાત્મ ઉપદેશ [કહે છે.] જે આ અધિદૈવત ઉપદેશવાળું બ્રહ્મ છે તેને મન જાણે સ્પર્શ કરે છે—પામે છે અને [જાણે પાછું આવે છે. સાધક] આ મન-અંતઃકરણવડે એ બ્રહ્મને સંકલ્પ [પૂર્વક] વારંવાર સંભારે છે. ૫

तद्ध तद्वनं नाम तद्वनमित्युपासितव्यं स य एतदेवं वेदाभि हैनं सर्वाणि भूतानि संवाञ्छन्ति ३१—६

પદાર્થઃ—तत्[૨] (તે બ્રહ્મ) ह[૧] (ખરેખર) तद्वनं[૩] नाम[૪] (તદ્વન નામે) तद्वनं[૫] इति (તદ્વન એ પ્રમાણે) उपासितव्यं[૬] (ઉપાસવા યોગ્ય છે) सः[૮] यः[૭] (તે જે) एतत्[૯] (આને) एवम्[૧૦] (એ પ્રમાણે) वेद[૧૨] (જાણે છે) अभि (ઉપસર્ગ) ह[૧૧] (સ્પષ્ટ–યથાર્થ-રીતે) एनं[૧૩] (એને) सर्वाणि भूतानि[૧૪] (સર્વ ભૂતો) संवांछन्ति[૧૫] —अभिसंवांछन्ति (ચારે તરફથી ઈચ્છે છે–પ્રાર્થના કરે છે–સેવે છે–આધીનપણે વર્ત્તે છે). ૬

અન્વયાર્થઃ—ખરેખર[૧] તે બ્રહ્મ[૨] તદ્વનને[૩] નામે[૪] [છે]. તદ્વન એ પ્રમાણે[૫] [જ તે] ઉપાસવા યોગ્ય[૬] છે. જે[૭] [સાધક છે] તે[૮] આને[૯] એ પ્રમાણે[૧૦] યથાર્થ રીતે[૧૧] જાણે[૧૨] છે. એ (સાધક) ને[૧૩] સર્વ ભૂતો[૧૪] ચારે તરફથી[૧૫] ઇચ્છે છે, પ્રાર્થના કરે છે, સેવે છે અથવા આધીનપણે વર્ત્તે છે. ૬

उपनिषदं भो ब्रूहीत्युक्ता त उपनिषद् ब्राह्मीं वाव त उपनिषदमब्रूमेति ३२–७

પદાર્થઃ—उपनिषदं[૨] (ઉપનિષદને) भो[૧] (હે) ब्रूहि[૩] (કહો) इति[૪] (એમ) उक्ता[૭] (કહી છે) ते[૫] (તને) उपनिषत्[૬] (ઉપનિષત્–આત્મોપનિષદ્) ब्राह्मीं[૯] (બ્રાહ્મણ સંબંધી) वाव[૮] (જ)

ते (તને) उपनिषदं (ઉપનિષત્) अब्रूम (કહેતા હવા) इति (એમ).

અન્વયાર્થઃ—'હે [ગુરો તમે મને] ઉપનિષત્ કહો' એમ [શિષ્યે કહ્યું, ત્યારે ગુરૂએ ઉત્તર દીધો કે] 'તને આત્મોપનિષત્ કહેલી છેજ. [વળી] બ્રાહ્મણ સંબંધી ઉપનિષત્ તને [અમે] કહેતા હવા' એમ [પણ ગુરૂએ કહ્યું]. ૭.

तस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा वेदाः सर्वांगानि सत्यमायतनम् ३३—८

પદાર્થઃ—तस्यै—तस्याः (તેના) तपः दमः कर्म इति (તપ, દમ, કર્મ વગેરે) प्रतिष्ठाः (પગ) वेदाः (વેદો) सर्वांगानि (સર્વ અંગો) सत्यं (સત્ય) आयतनम् (સ્થાન) ૮.

અન્વયાર્થ—તે (ઉપનિષદ્) ના તપ, દમ, કર્મ વગેરે પગો [છે], વેદો [બાકીનાં] સર્વ અંગો [છે અને] સત્ય [આશ્રય] સ્થાન [છે] ૮.

यो वा एतामेवं वेदापहत्य पाप्मानमनन्ते स्वर्गे लोके ज्येये प्रतितिष्ठति प्रतितिष्ठति ३४—९

પદાર્થ—यः (જે) वै (નિશ્ચય) एता (એ બ્રાહ્મણોપનિ-

પદને) **एवम्** (એ પ્રમાણે) **वेद** (જાણે છે) **अपहत्य** (નાશ કરીને) **पाप्मानम्** (પાપને) **अनन्ते ज्येये स्वर्गे लोके** (અનન્ત જ્યેય–સર્વથી મોટા સ્વર્ગ લોકમાં) **प्रतितिष्ठति प्रतितिष्ठति** (સ્થિતિ પામે છે). ૯

અન્વયાર્થઃ—એ બ્રાહ્મણો પ્રતિષ્ઠાને [આત્મોપનિષત્‌ની] પેઠે જે (માણુસ) નિશ્ચય જાણે છે [તે પોતાનાં] પાપોનો નાશ કરી અનન્ત સર્વથી મોટા સ્વર્ગ લોકમાં સ્થિતિ પામે છે (ઉપનિષદ્‌ની સમાપ્તિને માટે **प्रतितिष्ठति** બે વાર છે). ૯

इति चतुर्थः खंडः समाप्तः.

अप्यायन्तु ममांगानि वाक्प्राणश्चक्षुःश्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि सर्वं ब्रह्मोपनिषदं माहं ब्रह्म निराकुर्यां मा मा ब्रह्म निराकरोदनिराकरणमस्त्वनिराकरणं मेऽस्तु तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ते मयि सन्तु ॥

॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

જાહેર ખબર.

નીચે બતાવેલા ઠેકાણેથી અરધા આનાવાળી એક ટીકી-ટ મોકલી આપતાં અધિકારી જનોને આ પુસ્તક આપવામાં આવશે.

પોરબંદર:—રા. રા. ગોવિંદજી વિ. દાજીભાઇ લાખાણી વકીલ.

રાજકોટ:—વિશ્વનાથ સદારામ પાઠક.

આ પુસ્તકના ૧ લા અંક 'ઇશાવાસ્યોપનિષદ્'ની બીજી આવૃત્તિ છપાયા પછી મળી શકશે.